જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૨/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**  **સમાચાર યાદી નં.૨૮૯/૧૭**

**"અમદાવાદ શહેર બહાર મોટા શહેરોમાં જઈ બજાર તેમજ ભીડભાડ વાળા વિસ્તારોની રેકી કરી ત્યા પાર્ક કરેલી ગાડીઓના કાચ તોડી તેમાં રાખેલ રોકડા પૈસા તથા સોનાના દાગીના વિગેરેની ચોરીઓ કરતી ગેંગને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.એચ.કોરોટ તથા પોલીસ સબ ઈન્સપેક્ટર કે.ડી.જાડેજા નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે અમદાવાદશહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન નાના ચિલોડા રીંગ રોડ સર્કલ નજીકથી બાતમી હકીકત આધારે (૧)જીગ્નેશ ઉર્ફે જુગનુ દીનેશભાઈ ઘાંસી (છારા) ઉ.વ.૩૩ રહે.ફ્રી કોલોની છારાનગર ગરીબદાસ ચાલી કુબેરનગર અમદાવાદ (૨) શ્રીકાંત ઉર્ફે શેરીયો મનોજભાઈ ગુમાને(છારા) ઉ.વ.૨૮ રહે.ફ્રી કોલોની છારાનગર કુબેરનગર અમદાવાદ (૩) નરેન્દ્ર ઉર્ફે નરેન નરેશભાઈ ગારંગે(છારા) ઉ.વ.૩૦ રહે.ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે છારાનગર કુબેરનગર અમદાવાદ (૪) નિતીન માણેક્લાલ તમાચીયે(છારા) ઉ.વ.૪૦ રહે. નવખોલી સાંઈબાબા મંદીર પાસે છારાનગર કુબેરનગર અમદાવાદ (૫) દીપક ભીખાભાઈ ઈન્દ્રેકર(છારા) ઉ.વ.૩૦ રહે.માચીસગલી બંગલા એરીયા રોડ કુબેરનગર અમદાવાદ (૬) દીપક ધીરુભાઈ બજરંગે (છારા) ઉ.વ.૪૩ રહે. કુબેરનગર છારાનગર ફ્રી, કોલોની પાણીની ટાંકી પાસે, અમદાવાદ (૭) રવિ નારણભાઈ ગારંગે (છારા) ઉ.વ.૫૫ રહે. કુબેરનગર છારાનગર ફ્રી, કોલોની અમદાવાદનાઓને એક ટવેરા ગાડી નં.GJ-09-BB-4172સાથે પકડી પાડેલ અને તેઓની અંગજડતીમાંથી રોકડા રૂ.૧૮૦૦૦/- તથા તેમના પાસેની લેધરની બેગમાંથી રોકડા રૂ.૬,૯૮,૦૦૦/- તથા સોનાના દાગીના જેમાં બે સોનાના હાર તથા બે સોનાની બંગડી તથા બે સોનાના પાટલા તથા બે જોડ સોનાની કાનની બુટ્ટી મળી કુલ કિ.રૂ.૩,૮૬,૬૧૦/-તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ કિ.રૂ.૫૦૦/- તથા ગાડીની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા પાના,ડીસમીસ કિ.રૂ.૨૦૦/- મળી કુલ મુદ્દામાલ **કિ.રૂ.૧૪,૦૩,૩૧૦/-** નો કબજે કરવામાં આવેલ છે અને જે આરોપીઓની સઘન પુછપરછ કરતા તેઓએ ગઈ તા.૩૦/૧/૧૭ થી દીલ્હી ખાતે હતા અને દીલ્હી ખાતેના જુદાજુદા વિસ્તારોમાંથી પાર્ક કરેલ ગાડીઓના કાચ તોડી તેમાથી રોકડા રુપિયા તથા સોનાના દાગીનાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે સદરી પકડાયેલ આરોપીઓ પાસેથી ગાડીઓના કાચ તોડી ચોરી કરવાના સાધનો જેવા કે, પાના,ડીસમીસ પણ મળી આવેલ છે જેનો આ કામના આરોપીઓ ગાડીના કાચ તોડવા ઉપયોગ કરતા હતા આરોપીઓ બાબતે આગળની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી બી.એચ.કોરોટ ચલાવી રહેલ છે સદરહુ આરોપીઓ અગાઉ પણ આ રીતે ગાડીઓના કાચ તોડી ચોરી કરવાના ગુન્હામાં સંડોવાયેલ છેઆ ગેંગ અમદાવાદ શહેર બહાર મોટા શહેરો ટાર્ગેટ બનાવી ત્યાં આવી ચોરીઓ કરે છે જેથી ત્યાંની પોલીસ આ આરોપીઓને ઓળખી શકે નહી.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)